**C.C. NO.438540/2025**

**:: 0 ::**

સદર કેસમાં તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં દંડ ભરેલ હતો તેની પહોંચ તે સમયે આપેલ હતી, પરંતુ શરતચુકથી સદર કેસ ઓનલાઈન ડીસ્પોઝડ કરવાનો રહીં ગયેલ હોય જે ધ્યાને આવતા સદર કેસ આજરોજ ઓનલાઈન ડીસ્પોજ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૬/૦૫/૨૦૨૬

**(શ્રીમતી ડી.આર.ઠાકુર)**
૩૬માં એડી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૧૯, અમદાવાદ શહેર.

**-ઃ: આંકઃ ૧ લગત હુકમ :-**

**(૧)** આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં મુખ્ય ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના કચેરી આદેશ મુજબ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપીએ હાજર થઈ ગુનાની કબુલાત અંગે પુરશીસ રજુ કરતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે. જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે આ કામના આરોપી સામે ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતા, તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨) ૯૭૪** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, તેમજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**-: હુ ક મ :-**

**૧.** આ કામના આરોપીને ધી બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુના બદલ સંયુકત રીતે રૂા. **૨૦૦/-** **(અંકે રૂપિયા બસો પુરા )** નો દંડ તથા દંડ ન ભરે તો તે બદલ દિન-૦૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૪/૦૩/ ૨૦૨૬**
**સ્થળ:- અમદાવાદ શહેર.**

**(શ્રીમતી ડી.આર.ઠાકુર )**
**૩૬માં એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૯, અમદાવાદ શહેર.**
**કોડ નં. જીજે.૦૧૨૪૧**